# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-02-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.

****************************************************

**1)** ભારત અને અમેરિકાએ વર્ષ 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને બમણો કરીને 500 અબજ ડોલર કરવાનો લક્ષ્ય નિર્ધારિત કર્યો

**2)** કેન્દ્ર સરકાર આજે સાંજે આંદોલન કરી રહેલા પંજાબ અને હરિયાણાના ખેડૂતો સાથે ચંડીગઢમાં બેઠક કરશે

**3)** કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ઉત્તરાખંડના હલ્દવાનીમાં રાષ્ટ્રીય રમતોના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહેશે

**4)** અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી કે, જો બ્રિક્સ દેશો આ જૂથડોલરના મુકાબલે હરીફ ચલણ બહાર પડશે તો તે સમાપ્ત થઈ જશે

**5)** મહિલા ક્રિકેટ પ્રિમીયર લીગનો આજથી પ્રારંભઃ વડોદરામાં આરસીબી અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે મેચ રમાશે

.................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PM USA PAGE-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, ભારત અને અમેરિકાએ વર્ષ 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને બમણો કરીને 500 અબજ ડોલર કરવાનો નિર્ણય લીધો છે.

*(BYTE 1: PM MODI-ON-500-BILLION)*

આજે વોશિંગ્ટનમાં વ્હાઇટ હાઉસ ખાતે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે દ્વિપક્ષીય મંત્રણા બાદ સંયુક્ત પત્રકાર પરિષદમાં શ્રી મોદીએ જણાવ્યું કે, ભારત અને અમેરિકા વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવાનું ચાલુ રાખશે. તેમણે જણાવ્યું કે, બંને દેશો વચ્ચેનો સહયોગ અને સહભાગિતા વધુ સારા વિશ્વનાં નિર્માણમાં સહાયક બની શકે છે. શ્રી મોદીએ જણાવ્યું કે, બંને પક્ષો વ્યૂહાત્મક ટેકનોલોજીનો ઉપયોગ કરીને સંબંધોને ગાઢ બનાવશે.

તેમણે જણાવ્યું કે, ભારતની સંરક્ષણ તૈયારીમાં અમેરિકા મહત્વની ભૂમિકા ભજવે છે.

શ્રી મોદીએ જણાવ્યું કે, ત્રાસવાદ સામેની લડાઇમાં ભારત અને અમેરિકા મક્કમતાથી સાથે રહ્યા છે અને બંને દેશો સરહદ પારનાં ત્રાસવાદને નાબૂદ કરવા નક્કર પગલાં લેવા સંમત થયા છે.

*(BYTE 2: PM MODI-ON-TERRORISM)*

# PM USA PAGE-2

પ્રધાનમંત્રીએ અમેરિકાની શિક્ષણ સંસ્થાઓને ભારતમાં ઓફશોર કેમ્પસ ખોલવા આમંત્રણ આપ્યું હતું

*(BYTE 3: PM MODI-ON-INDIAN)*

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે, વિશ્વમાં સૌથી જૂનાં અને સૌથી મોટાં લોકશાહી દેશો અમેરિકા અને ભારત વચ્ચે વિશેષ બંધન છે.

ડોનાલ્ડ ટ્રમ્પ બીજીવાર અમેરિકના રાષ્ટ્રપતિ બન્યા, ત્યારબાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આ પ્રથમ મુલાકાત હતી. પ્રધાનમંત્રી મોદી અમેરિકાની 2 દિવસની મુલાકાત બાદ ભારત આવવા રવાના થયા છે. આ અગાઉ પ્રધાનમંત્રીએ ફ્રાન્સની 3 દિવસની મુલાકાત લીધી હતી.

# PM - SAMVAD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત અને થાઇલેન્ડ 2 હજાર વર્ષ કરતાં વધુ સમયથી ગાઢ સાંસ્કૃતિક સંબંધો ધરાવે છે.

થાઇલેન્ડમાં આયોજિત એક સંવાદ કાર્યક્રમને વિડીયો કોન્ફરન્સ દ્વારા સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, ભારતની એક્ટ ઇસ્ટ નીતિ અને થાઇલેન્ડની એક્ટ વેસ્ટ નીતિ એકબીજાના પૂરક છે, જે પરસ્પર પ્રગતિ અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપે છે.

તેમણે કહ્યું કે, આ પરિષદ બંને દેશો વચ્ચેની મિત્રતામાં વધુ એક સફળ ભાગીદારીનું પ્રતીક છે. પ્રધાનમંત્રી શ્રી મોદીએ ભાર મૂક્યો કે, થાઇલેન્ડ સમૃદ્ધ સંસ્કૃતિ, ઇતિહાસ અને વારસો ધરાવે છે. તે એશિયાની સહિયારી દાર્શનિક અને આધ્યાત્મિક પરંપરાઓનું એક સુંદર ઉદાહરણ છે.

# PM PULWAMA ATTACK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે 2019 પુલવામામાં થયેલા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ પાઠવી છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રી શ્રી મોદીએ કહ્યું કે, આવનારી પેઢી શહીદોના બલિદાન અને રાષ્ટ્ર પ્રત્યેના તેમના અતૂટ સમર્પણને ક્યારેય ભૂલી શકશે નહીં. ઉલ્લેખનીય છે કે, જમ્મુ અને કાશ્મીરના પુલવામા જિલ્લામાં થયેલા આતંકવાદી હુમલાને આજે 6 વર્ષ થયા છે. જેમાં કેન્દ્રીય અનામત પોલિસ દળનાં 40 જવાનો શહીદ થયા હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# FARMER MEETING - CHANDIGRAH

કેન્દ્ર સરકાર આજે સાંજે ચંદીગઢમાં ખેડૂતો સાથે બેઠક કરશે, જેમાં પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ પર કાનૂની ગેરંટી સહિતની ખેડૂતોની લાંબા સમયથી પડતર માંગણીઓ અંગે ચર્ચા કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે, પંજાબ અને હરિયાણા વચ્ચેની શંભુ સરહદ ખાતે ખેડૂતો છેલ્લા એક વર્ષથી વિરોધ કરી રહ્યા છે. અનિશ્ચિત સમય માટે ઉપવાસ પર ઉતરેલા ખેડૂત નેતા જગજીત સિંહ દલેવાલ પણ કેન્દ્ર સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથેની બેઠકમાં ભાગ લેશે.

ઉલ્લેખનીય છે કે, કિસાન મજદૂર મોરચાના કન્વીનરે કેન્દ્ર સરકારને 14 ફેબ્રુઆરી પહેલાં ચંદીગઢને બદલે દિલ્હીમાં બેઠક યોજવા વિનંતી કરી હતી, પરંતુ બેઠક યોજાઈ ન હતી. અગાઉ, સુરક્ષા દળોએ શંભુ સરહદ પર વિરોધ કરી રહેલા ખેડૂતોએ દિલ્હી તરફ કૂચ કરવાનો ત્રણ વખત પ્રયાસ કર્યો ત્યારે તેમને રોકવા ટીયર ગેસના શેલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

# NATIONAL GAMES

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ઉત્તરાખંડના હલ્દવાનીમાં 38મા રાષ્ટ્રીય રમતોત્સવમાં સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. શ્રી શાહ આ પ્રસંગે ઉપસ્થિતોને સંબોધન પણ કરશે. સમારોહ બપોર બાદ હલ્દવાની ઇન્ટરનેશનલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે શરૂ થશે. સર્વિસીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ મેડલ ટેલીમાં આગળ છે, તેણે છેલ્લી છ આવૃત્તિઓ માંથી પાંચમી વખત આ સિદ્ધિ હાંસલ કરી છે. સર્વિસિસ સ્પોર્ટ્સ કુલ 68 સુવર્ણ , 26 રજત અને 27 કાંસ્ય ચંદ્રક સાથે પ્રથમ ક્રમે છે, જ્યારે મહારાષ્ટ્ર 54 સુવર્ણ , 71 કાંસ્ય અને 73 કાંસ્ય ચંદ્રક સાથે બીજા સ્થાને અને હરિયાણા 48 સુવર્ણ , 47 રજત અને 58 કાંસ્ય ચંદ્રક સાથે ત્રીજા સ્થાને છે.

ઉલ્લેખનીય છે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 28 જાન્યુઆરીએ દેહરાદૂન સ્થિત મહારાણા પ્રતાપ સ્પોર્ટ્સ કોલેજ ખાતે રાષ્ટ્રીય રમતોનું ઉદ્ઘાટન કર્યું હતું. 38મા રાષ્ટ્રીય રમતોમાં જુદી જુદી 35 સ્પર્ધાઓ યોજાઈ હતી. ઉત્તરાખંડમાં દહેરાદૂન ઉપરાંત હલ્દવાની, હરિદ્વાર અને રુદ્રપુર જેવા શહેરોમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી.

# BRICS TRUMP

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બ્રિક્સની ટીકા કરતા ચેતવણી આપી કે, જો આ જૂથ ડોલરના મુકાબલે હરીફ ચલણ બહાર પાડશે તો તે સમાપ્ત થઈ જશે. તેમણે ધમકી આપી કે, જો કોઈ બ્રિક્સ દેશ આ યોજના સાથે આગળ વધશે તો તેના પર 100%  ટેરિફ લાદવામાં આવશે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે પારસ્પરિક ટેરિફ પરની સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા પછી આ ટિપ્પણીઓ કરી હતી.

આ સમજૂતિમાં અધિકારીઓને અન્ય દેશો દ્વારા અમેરિકાની ચીજોપર લાદવામાં આવેલા ટેરિફની સામે એટલાં જ પ્રમાણમાં ટેરિફનો પ્રસ્તાવ મૂકવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. શ્રી ટમ્પે દાવો કર્યો કે, બ્રિક્સનાં મોટાં ભાગનાં દેશો સમાન ચલણ પર વિચાર નથી કરવા માંગતા. બ્રિક્સનાં સ્થાપક સભ્ય ભારતે પણ સમાન ચલણનાં વિચારને ફગાવી દીધો છે.

BRICSમાં મૂળ બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થતો હતો, જેમાં તાજેતરનાં વર્ષોમાં ઇજિપ્ત, ઇથોપિયા, ઇન્ડોનેશિયા, ઈરાન અને UAE નો ઉમેરો કરવામાં આવ્યો છે. અલ્જિરીયા, નાઇજીરીયા અને તુર્કી જેવા દેશો બ્રિક્સનાં ભાગીદાર દેશનો દરજ્જો ધરાવે છે. કદ અને પ્રભાવ હોવા છતાં, BRICS મુક્ત વેપાર જૂથ નથી.

# PUNJAB ACID ATTACK VICTIMS

પંજાબ સરકારે એસિડ હુમલાના પીડિતોને નાણાકીય સહાય આપવાની યોજનાનાં સુધારો કર્યો છે. હવેથી મહિલાઓ ઉપરાંત પુરુષો અને ટ્રાન્સજેન્ડર્સ પિડીતોને પણ યોજનામાં સમાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, માસિક નાણાકીય સહાય 8000 રૂપિયાથી વધારીને 10,000 રૂપિયા કરવામાં આવી છે. ગઈકાલે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ યોજનાનું નામ બદલીને 'પંજાબ ફાઇનાન્સિયલ આસિસ્ટન્સ ટુ એસિડ વિક્ટિમ સ્કીમ 2024' રાખવામાં આવ્યું છે.

# WOMEN'S PREMIER LEAGUE

મહિલાઓ માટેની ક્રિકેટ પ્રિમીયર લીગની ત્રીજી સિઝનનો આજથી પ્રારંભ થઈ રહ્યો છે. આજે પ્રથમ મેચ વર્તમાન ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે વડોદરામાં રમાશે. ટુર્નામેન્ટમાં 5 ટીમો વચ્ચે કુલ 22 મેચો રમાશે. ફાઇનલ મેચ 15 માર્ચે મુંબઇમાં રમાશે.

પ્રિમીયર લીગની પ્રથમ સીઝનમાં મુંબઇ ઇન્ડિયન્સ અને બીજી સીઝનમાં આરસીબીએ ટ્રોફી જીતી હતી. ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધીની બે સીઝનમાંથી એક પણ મેચમાં સદી નોંધાઈ નથી.

# CCPA - COACHING INSTITUTE

કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા સત્તામંડળે IIT અને JEE પરીક્ષાના પરિણામ અંગે ભ્રામક દાવાઓની જાહેરાત કરવા બદલ IITના વિદ્યાર્થીઓનાં ખાનગી પ્રશિક્ષણ કેન્દ્ર પર ત્રણ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. ગ્રાહક બાબતોના મંત્રાલયે જણાવ્યું હતું કે, ગ્રાહક સુરક્ષા કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરતી કોઈપણ વસ્તુ અથવા સેવાઓની ખોટી અથવા ભ્રામક જાહેરાત ન થાય તે સુનિશ્ચિત કરવા માટે આ નિર્ણય લેવાયો છે. ઉલ્લેખનીય છે કે, CCPA એ અત્યાર સુધીમાં ભ્રામક જાહેરાતો માટે વિવિધ કોચિંગ સંસ્થાઓને 46 નોટિસ ફટકારી છે. સત્તામંડળે 24 કોચિંગ સંસ્થાઓ પર 77 લાખ રૂપિયાથી વધુનો દંડ પણ ફટકાર્યો છે અને તેમને ભ્રામક જાહેરાતો બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે.